RAN-2408000604040001

# RAN-2408000604040001

## S. Y. B. Com. (Sem.-IV) Examination April - 2026

## Gujarati AEC

## Gujarati Proficiency And Life Skills - IV

**Time: 1 Hour ]** **[ Total Marks: 25**

| **સૂચના : / Instructions** | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Student's Signature |

**પ્ર. 1. ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ)** **10**

1. અનુસ્વારની વ્યાખ્યા આપો.
2. અનુસ્વારના મુખ્ય પ્રકાર જણાવો.
3. અનુનાસિકો ક્યાંથી લેવામાં આવ્યા છે.
4. ક્રિયાપદના પ્રકારના નામ જણાવો.
5. સકર્મક ક્રિયાપદ એટલે શું?
6. સંક્ષેપીકરણ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બે બાબતો જણાવો.
7. સંક્ષેપીકરણની ભાષા કેવી હોવી જોઈએ?

**પ્ર. 2.** અ. અનુસ્વારની વ્યાખ્યા અને તેના પ્રકારો. **05**

**અથવા**

અ. અનુસ્વારના કોઈપણ ત્રણ નિયમો

બ. ક્રિયાપદના ભેદ **05**

**અથવા**

બ. ક્રિયાપદના કોઈપણ ત્રણ પ્રકારો.

ક. **નીચેના ફકરાનું એક તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **05**

''ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સ્વભાવ, તેમજ એ બે તત્વોની દોરવણી નીચે ઘડાતો જીવન વ્યવહાર. પંડિત સુખાલાલજીએ શાસ્ત્રો, પંડિતો, ગુરુઓ, તીર્થો, મંદિરો, ક્રિયાકાંડો, ઉપાસનાઓ વગેરેને ધર્મનો બાહ્ય દેહ કહ્યો છે. જ્યારે સત્ય, ભક્ત, પ્રેમ, નિઃસ્વાર્થપણું, વિવેક, વિનય અને ઉદારતા વગેરે સદ્ગુણોને ધર્મનો આત્મા કહ્યો છે. જ્યાં ઉદારતા ન હોય ત્યાં સત્યશોધન કે નિઃસ્વાર્થપણાનો અવકાશ જ ક્યા? આથી હું એમ કહું છું કે ધર્મ એટલે ઉદારતા. ઉદારતા સૌથી પહેલા વિચારોની. વિચારોની ઉદારતા આવી એટલે સભ્યતા ભણી આપણે પહેલુ પગલું માંડ્યું.''

શ્રી વાડીલાલ ડગલી

**અથવા**

''મોંઘવારી વધતી જ જાય છે તેમ તેમ નીતિ, પ્રમાણિકતા, સાદાઇ, નિષ્ઠા વગેરે જીવનના મુલ્યો ઘસાતાં જાય છે. ગૃહસ્થાશ્રમી માણસ કોઈ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને એ તાગડધીન્ના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાઇ જાય છે. તે ભ્રષ્ટાચારી બનવા લલચાય છે. ઋષીમુનીઓના સાદા અને પવિત્ર જીવનની વાતોમાં તેને રસ નથી. બુદ્ધ, મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રદ્ધા નથી. સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાતો ચાલે છે પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે, અને એવું આચરણ જીવનના કોઈ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી. સ્વરાજના પાંચ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.''

જયેન્દ્ર ત્રિવેદી

---